# કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, આ.કૃ.યુ. અરણેજ ખાતે મહિલા કૃષિ દિવસ ઉજવાયો

કૃષિ વિજ્ઞાન કેન્દ્ર,આણંદ કૃષિ યુનિવર્સિટી, અરણેજ (જી. અમદાવાદ) ખાતે તા. ૦૧-૦૮-૨૦૧૮ થી ૧૪-૦૮-૨૦૧૮ દરમ્યાન **''મહિલા સશક્તિકરણ પખવાડિયા''**ની ઉજવણીના ભાગરૂપે તા. ૦૬-૦૮-૨૦૧૮ના ''**મહિલાકૃષિ દિવસ''**ની ઉજવણી કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં શ્રી વી. એમ. બથાર (પ્રોજેક્ટ ડાયરેક્ટર, આત્મા, અમદાવાદ), ડૉ. જે. કે. પટેલ (વરિષ્ઠ વૈજ્ઞાનિક અને વડા, કેવીકે, અરણેજ), શ્રી જિગ્નેશ પટેલ (ડેપ્યુટી પ્રોજેક્ટ ડાયરેક્ટર,આત્મા, અમદાવાદ), કેવીકેના અધિકારી ગણ તેમજ જીલ્લાના જુદા- જુદા ગામોમાંથી ૧૪૭ જેટલી ખેડૂત બહેનોએ ભાગ લીધો હતો.

કાર્યક્રમમાં શ્રી વી. એમ. બથારસાહેબે સરકારશ્રીની યોજનાઓનો મહત્તમ લાભ લેવા ઉપર ભાર આપ્યો હતો. અત્રેના કેન્દ્રના વડા, ડૉ. જે. કે. પટેલે નવીન ટેકનોલોજીનો ઉપયોગ કરવા અને ઓછા ખર્ચ આવક વધારવા માટે સૂચન કરેલ. ત્યારબાદ પશુપાલન વૈજ્ઞાનિક ડૉ.જે.એચ.પટેલે નફાકારક પશુપાલન દ્વારા મહિલાઓનો આર્થિક અને સામાજીક વિકાસ કેવી રીતે થઇ શકે તે ગુજરાતની આદર્શ પશુપાલન કરતી મહિલાઓની સફળ વાર્તાઓના માધ્યમથી કાર્યક્રમમાં ભાગ લેનાર મહિલાઓને અવગત કરાવી .ગૃહવિજ્ઞાન વૈજ્ઞાનિક ડૉ.જી.આર.જાડેજાએ બાળઉછેર, સ્વાસ્થ અને બાળકોની કારકીર્દી ઘડવામાં માતાઓની ભુમિકા પર પ્રકાશ પાડ્યો. ઇજ. ડી. જે. રંગપરા એ બાયો ગેસ ના ઉપયોગ માટે અને ખેતીમાં ઉપયોગી વૈજ્ઞાનિક ઢબના ઓજારો નો ઉપયોગ કરવા માટે મહિલાઓ ને જણાવ્યુ. સદર કાર્યક્રમમાં આવેલ મહિલાઓએ ઉત્સાહથી ભાગ લીધો.

## કાર્યક્રમ ની ઝાંખી:











